જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૯/૨૦૧૬ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૯૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી ૧૨૮ લીટર દેશી દારૂ, ૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૭ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૧ બિયરટીન, ૧ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧,૬૮,૬૦૫/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૨ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૧/૧૬**

**ઈસનપુરઃ** (૧) મોહમદશાહરુખ મોહમદઇશાકભાઇ શેખ (રહે. બસીર કિરાણા સ્ટોરની સામે,હબીબભાઇના દવાખાનાની પાસે,નવાબનગર ચોક,શાહઆલમ) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મોહમદશાહરુખ શેખની ભાણીને તેનો પતિ ફરીદ અલીહસન શા મારઝુડ કરતો હોઇ મોહમદશાહરુખ શેખ અને તેમના બનેવી ફિરોજભાઇ સમજાવવા માટે તા.૧૬/૯/૧૬ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે શાહઆલમ બસીર કિરાણા સ્ટોરનીબાજુમા નવાબચોક ખાતે ગયા હતા ત્યારે ભાણીના પતિ ફરીદ અલીહસન શા એ ગાળો બોલી, ફિરોજભાઇને ગળાના ભાગે તેમજ પેટના ભાગે છરી મારી ગંભીર ઈજાઓ કરતા ફિરોજભાઇનુ મોત નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઇ. શ્રી એમ એન પંડ્યા ચલાવે છે.

(૨) આશાબહેન તે ગણેશભાઇ પાંડુરંગભાઇ સીરકે (મરાઠી) ની વિધવા (ઉ.વ.52) (રહે.મોહીતાપાર્ક સોસાયટી, આદર્શ સોસાયટી, લોટસ સ્કુલ સામે ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આશાબહેન સીરકે સાથે અગાઉ થયેલ ઝગડાની અદાવત રાખી આરોપી (૧) ગોપાલ રબારી (૨) બાબો ઉર્ફે કનુ રબારી (૩) અલ્કેશ ઉર્ફે હકો ઉર્ફે કાણીયો રબારી (ત્રણેય રહે. મોહીતા પાર્ક સોસાયટી પાછળ, આદર્શ સોસાયટીની અંદર, લોટસ સ્કુલ સામે ઇસનપુર) એ ભેગા મળી તા.૧૬/૮/૧૬ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક આશાબહેનના પુત્ર ધવલ (ઉ.વ.૩૫) ને ગાળો બોલી ત્રણેય જણાએ તેમની પાસેની લોખંડની અણીવાળી ડાંગ (લાકડી) થી માથાના ભાગે તથા મોઢાના ભાગે ઉપરા છાપરી ઘા મારી ગંભીર ઇજાઓ કરી ધવલનુ મૃત્યુ નીપજાવી નાસી ગયા હતા. આ અગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એન.પંડ્યા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ખુનની કોશિશની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૦૨/૧૬</u>**

**શહેરકોટડાઃ** અશોકભાઇ રાજુભાઇ કોલીમહાવર (ઉ.વ.૨૪) (રહે, ઇન્ડીયા બુલ્સ સેન્ટ્રલ પાર્ક ફલેટ હરીભાઇ ગૌદાણી પાસે સરસપુર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અશોકભાઇના ભાઈ સંજયને સરસપુર કસ્તુરબાનગર સુખીવાડી ખાતે રહેતા તેના મિત્ર ભરત અમરસિંહ શર્માના પત્ની સાથે પ્રેમ સંબંધ હોઈ અગાઉ થયેલ ઝગડાની અદાવત રાખી આરોપી (૧) ભરત અમરસિંહ શર્મા અને (૨) પુરણ અમરસિંહ શર્મા ભેગા મળી તા.૧૬/૯/૧૬ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે સરસપુર શારદાબેન સર્કલ પાસે ભાવસારની ચાલી આગળ બોમ્બે હેર આર્ટની દુકાનમાં સંજયને ચપ્પુથી શરીરે માથાના ભાગે, છાતીની ડાબી તથા જમણી બાજુ, તથા પેટના ભાગે, તથા પીઠના ભાગે તથા બન્ને હાથના પંજાના ભાગે તથા બન્ને પગના ઢીંચણના ભાગે ચપ્પાના ઘા મારી જીવલેણ ઇજાઓ કરી નાસી ગયા હતા. ઈજાગ્રસ્તને શારદાબેન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.એમ.ચૌધરી ચલાવે છે.

**<u>દુષ્કર્મની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૦૩/૧૬</u>**

રાણીપઃ રાણીપ વિસ્તારમાં રહેતી ૧૦ વર્ષની બાળાની માતાએ તા.૧૬/૯/૧૬ નારોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રક્ષાબંધનના તહેવાર થી તા.૧૫/૯/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન ૬૦ વર્ષના પાડોશી એ બાળાને ચોકલેટ આપવાની લાલચ આપી લલચાવી ફોસલાવી રહેણાંકના ધાબા ઉપર લઇ જઇ શારીરીક અડપલા કરી દુષ્કર્મ કર્યુ હતુ. આ ગુનાની તપાસ ઈન્ચા.પો.ઈ.શ્રી એચ પી કરેણ ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૦૪/૧૬</u>**

**સરદારનગરઃ** હર્ષાબહેન ચંદ્રકુમાર બાબાની (ઉ.વ.૩૩) (રહે,કર્ણાવતી સુંદરવન અન્ડરબ્રીજ પાસે, આઇ.ટી.આઇ, કુબેરનગર સરદારનગર) તા.૧૬/૯/૧૬ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે સીંધુ હોસ્પીટલની પાછળના રસ્તે, રવી દર્શન સોસાયટીના ગેટ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ (૨૨ થી ૨૫ વર્ષ આશરાનાં) બે પુરૂષ હર્ષાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હર્ષાબહેન બાબાનીએ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.આર.પટેલ ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૦૫/૧૬</u>**

સોલા હાઈકોર્ટઃ દર્શીલ પ્રફુલચંદ્ર પટેલ (રહે. સ્મ્રુતી એપાર્ટમેન્ટ કુંતાપાર્ક સોસાયટી નવા વાડજ) એ તા.૧૩/૯/૧૬ સાંજના ૭/૪૫ વાગે થલતેજ સીગ્નેચર કોમ્પલેક્ષ પાસે, એ.એમ.ટી.એસ.બસ સ્ટેન્ડ નજીક પોતાની સેંટ્રો કાર નંબર જીજે ૧ કેબી ૩૨૦૧ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી એક કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ દર્શીલ પટેલે તા.૧૬/૯/૧૬ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ભરતભાઈ ધુળાભાઈ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>દાઝી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૦૬/૧૬</u>**

મેઘાણીનગરઃ કુસુમબહેન શિશુપાલ ચૌહાણ (ઉ.વ.૫૮) (રહે.નગીનાવાડી વી.વી તોમર સ્કુલના ખાચાંમાં મેઘાણીનગર) તા.૧૬/૯/૧૬ રાતના ૮/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોઇ બનાવતા હતા ત્યારે સાડીનો છેડો ચુલામાં અડી જતા ઝાળ લાગતા સળગી જતા દાઝી ગયા હતા. સારવાર માટે સિવિલ હોસ્પિટલમં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સાગરભાઇ હરીભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)